ગાંધીનગર સમાચાર

સે-૨૧ જીમખાનામાં આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ માટે સિલેક્શન હાથ ધરાશે

# સ્કાય ગ્રૂપના ટેલેન્ટ શોમાં બાળકો છવાયા

## આશરે ૮૦૦ બાળકોએ એકમેકથી ચઢિયાતી કૃતિઓ રજૂ કરી : નાસિક ઢોલે તમામને ડોલાવ્યા : સ્કાય ગ્રૂપે પ્રતિભા શોધ સ્પર્ધાના વિજેતાઓને ૩૨ સાયકલો અને ૩૨ સ્કૂલ બેગના ઈનામોથી નવાજયા








(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨

આજની યુવા પેઢી માત્ર પોતાનામાં જ વ્યસ્ત રહે છે, સમાજમાં નાગરિકો કેટલી મુશ્કેલીઓ કે આર્થિક રીતે નબળી પરિસ્થિતિઓમાં જીવે છે, સુખ સગવડોના અભાવથી પાછળ રહી જાય તેવી બાબતો અંગે યુવાનો અલિપ્ત રહે છે. આ પ્રકારના આક્ષેપો આજની યુવા પેઢી પર લાગતા હોય છે પરંતુ ગાંધીનગરના સ્કાય ગ્રૂપના યુવાનોએ આજે સાબિત કરી બતાવ્યું છે કે આજની યુવા પેઢીને પણ સમાજિક જવાબદારીનું પુરેપુરું ભાન છે અને તેને અનુરૂપ જવાબદારી સુપેરે નિભાવી જાણે છે.

ગાંધીનગરના ટાઉન હોલ ખાતે આજે સ્કાય ગ્રૂપ દ્વારા શહેરની સરકારી પ્રાથમિક શાળાના આર્થિક રીતે નબળા પરિવારના બાળકોનો અનોખો ટેલેન્ટ શૉ યોજવામાં આવ્યો હતો. જે જોઈને હોલમાં ઉપસ્થિત તમામ ગદગદિત થઈ જવા પામ્યા હતાં. આ ટેલેન્ટ શૉમાં શહેરની આશરે ૩૨ જેટલી પ્રાથમિક શાળાના બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, માહિતી ખાતાના સચિવ પુલકભાઈ ત્રિવેદી, આર્ટ લવર્સના પ્રમુખ જગતભાઈ કારાણી સહિત એન.પી. પટેલ, વિપુલ સુખડિયા, કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, કોર્પોરેટર પરાગી પંડયા ઉપરાંત કાલિદાસ પટેલ, ભરત કવિ સહિત અનેક અગ્રણી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો હેતુ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને પ્રોત્સાહિત કરી આર્થિક રીતે પગભર થઈ શકે તે હેતુથી તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવાનો હતો. કાર્યક્રમમાં અગાઉ સ્કાય ગ્રૂપ દ્વારા શહેરની ૩૨ સરકારી શાળાઓના ૪૮૦૦ જેટલા બાળકો માટે લેવાયેલ પ્રતિભા શોધ સ્પર્ધાના વિજેતાઓને ૩૨ સાયકલો અને ૩૨ સ્કૂલબેગના ઈનામોનું વિતરણ કરી સન્માનવામાં આવ્યા હતા.

ટેલેન્ટ શૉમાં ૮૦૦ બાળકોએ ભાગ લઈ સૂર્ય નમસ્કાર, દુર્ગા પૂજા ડાન્સ, અભિનય કળા, સોલો ડાન્સ, વ્હીસલ સિંગીગ, ડ્રામા, સેન્સર કાર, વિવિધ ગ્રૂપ ડાન્સ, નાસિક ઢોલ ઉપરાંત એનિમેશન ફિલ્મ જેવી અનેકવિધ કૃતિઓ રજૂ કરી તમામને દંગ કરી દીધા હતા. બાળકોએ નશા વ્યસન મુકિત અંગે વિચારપ્રેરક નાટિકા પણ રજૂ કરી હતી તેમજ કરાટેના દિલધડક દાવપેચ રજૂ કર્યા હતા. સ્કાય ગ્રૂપ વતી સચિન ઠક્કર, વ્યોમ અમીન, હુસન પટેલ,



વિશાલ પટેલ અને પ્રતિક જાની ઉપરાંત ૧૫૦ જેટલા યુવા સ્વયં સેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત જાણીતા કટારલેખક સંજય થોરાતે સ્કાય ગ્રૂપના માર્ગદર્શક બની કાર્યક્રમને સુપેરે સજાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન દિપેન રાવે કર્યુ હતું. આ સાથે સરકારી શાળાના સૌથી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સ્કાય ગ્રૂપ દ્વારા નોંધપાત્ર કામગીરી કરનાર શિક્ષકોને સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ સાથે સરકારી શાળાના બાળકોએ પોતાની જાતે બનાવેલ હેન્ડીક્રાફટની ચીજવસ્તુઓનું અનોખું પ્રદર્શન પણ રજૂ કરાયું હતું.

## @ગાંધીનગર

● સમર્પણ પરિવાર દ્વારા રવિવારના રોજ સવારે ૬.૪૫ થી ૮.૦૦ કલાક દરમિયાન સે-૨૨, પંચદેવ મંદિર ખાતે નિઃશુલ્કપણે ધ્યાન શિબિર યોજાશે.

● ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સે-૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે એસી, એસટી અને ઓબીસી સમાજની સંસ્થાઓના હોદ્દેદારોની મીટીંગ યોજાશે.

● ઓમ શાંતિ આરોગ્ય કેન્દ્ર દ્વારા રવિવારના રોજ સવાર ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૩૦, બંગ્લા નં. ૨૮, સર્વોદયનગર ખાતે નેચરોપેથી-પંચકર્મ સારવાર કેમ્પ વિના મૂલ્યે યોજાશે.

● બાવન વાંટા રાજપૂત સમાજ પરિવાર અમદાવાદ અને ગાંધીનગર દ્વારા સવારે ૯.૧૫ થી ૧.૦૦ કલાક દરમિયાન રાજપૂત ભવન સે-૧૨ ખાતે સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

● માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ પાસે પુસ્તક પરબ યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા સવારે ૭.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન પ્લોટ નં. ૯૨/૧, સે-૨-એ ખાતે દત્તબાવની પાઠ યોજાશે.

● ગાંધીનગર કેથોલીક યુથ એન્ડ વિન્સેન્ટ દે પૉલ દ્વારા સવારના ૯.૦૦ થી બપોરના ૩.૦૦ કલાક દરમિયાન સે-૮, કેથોલીક ચર્ચ ખાતે રકતદાન કેમ્પ યોજાશે.

● સે-૩-ન્યુના બગીચા ખાતે સવારે ૬ થી ૭ કલાક દરમિયાન બાબા રામદેવના યોગશિક્ષક આર.આઈ. પંડયા દ્વારા યોગ-પ્રાણાયામની શિબિર યોજાશે.

## બી.સી.એ. કોલેજમાં એક દિવસનો પાયથોન પ્રોગ્રામિંગ લેંગ્વેજનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય



સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમિસ્ટર-૨ ના વિદ્યાર્થીઓ માટે પાયથોન પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપની વિસ્તૃત માહિતી આપતા કોલેજના પ્રાધ્યાપકોએ જણાવ્યું હતું કે પાયથોન બહોળા પ્રમાણમાં વપરાતી ઉચ્ચ સ્તરની, જનરલ હેતુક, ઈન્ટરપ્રીટેડ અને ડાયનામિક પ્રોગ્રામિંગ લેંગ્વજ છે. વેબ ડેવલપમેન્ટ, સાયન્ટીફિક અને રીસર્ચના હેતુ માટે તેનો વ્યાપક ઉપયોગ કરી શકાય છે. ઉપરાંત રોબોટીકસ, રીમોટ કંટ્રોલ કાર અને બીજા ઉપકરણ, વિડીયો ગેમ વગેરેના ડેવલોપમેન્ટમાં પાયથોનનો મુખ્ય પ્રોગ્રામિંગ લેંગ્વેજ તરીકે ઉપયોગ કરવામાં આવે છે ત્યારે લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરી શકે તે માટે આ પ્રકારના વર્કશોપનું આયોજન કોલેજ ખાતે થતું રહે છે. જેના અંતર્ગત આજના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ તરીકે ડૉ. એન.એન. જાની અને ડૉ. નિધિ દિવેચાએ માર્ગદર્શન પુરું પાડયું હતું. આ વર્કશોપનો ૭૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. સંસ્થાના ડીરેકટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ, પ્રાધ્યાપક મિત્રો દ્વારા આ વર્કશોપને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## તળાવમાં ડૂબતાને બચાવી યુવાનોએ માનવતાની મહેંક પ્રસરાવી

### ચિલોડા ગામના તળાવમાં ડૂબી રહેલા માનસિક રીતે અસ્થિર યુવાનને બાહોશ યુવાનોએ બચાવ્યો

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે આવેલ વિશાળ તળાવમાં આજે એક માનસિક રીતે અસ્થિર યુવાન પડી જવા પામ્યો હતો. આ યુવાનને ચિલોડા ગામના સેવાભાવી બાહોશ યુવાનોએ ડૂબતો બચાવી માનવતાની મહેંક પ્રસરાવી હતી.

ચિલોડા ગામના પ્રવેશ દ્વારે જ એક વિશાળ તળાવ આવેલું છે. આ તળાવના કાંઠે પંચવટી સોસાયટી તથા પીપળાવાળો વાસ આવેલા છે. આ ઉપરાંત અહીં સતી માતાજી, બળિયા દેવ અને બહુચર માતાજીના શ્રધ્ધાના ધામ સમા મંદિરો પણ આવેલા છે. અહીંથી નજીક આવેલા ચિલોડા ચાર રસ્તા પર પ્રાંતિય મુસાફરો માટે મુખ્ય જંકશન સમાન સ્થળ ગણાય છે. અહીંના તળાવમાં આજે એક માનસિક રીતે અસ્થિર હાલતનો એક યુવાન તળાવમાં પડી જવા પામ્યો હતો અને ઊંડા પાણીમાં ગરકાવ થઈ રહ્યો હતો. આ બાબતની તળાવની આસપાસના રહીશોને જાણ થતા જ મોટી સંખ્યામાં ગ્રામજનો દોડી આવ્યા હતા. જેમાંથી ગામના બાહોશ યુવાનોએ પળનોય વિલંબ કર્યા વગર પાણીમાં ઝંપલાવી ડૂબતા યુવાનને બચાવ્યો હતો. યુવાનને તળાવમાંથી હેમખેમ બહાર લાવતા જ ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો અને જાંબાઝ યુવાનોને બિરદાવ્યા હતા. 'રામ રાખે તેને કોણ ચાખે' તે ઉકિત મુજબ માનસિક રીતે અસ્થિર યુવાનનો જીવ બચી જતા ગ્રામજનોએ રાહતનો દમ લીધો હતો અને ગામના બાહોશ યુવાનોએ પ્રસરાવેલ માનવતાની મહેંકથી ગૌરવ અનુભવ્યું હતું.

## વાતવાતમાં

● શહેરમાં વહેલી સવારથી 'મધુર'ના સ્થાને 'અમુલ' દૂધે નગરજનોની ચ્હાની ચુસ્કી સજાવી હતી. ડેરી સત્તાવાળાઓ દ્વારા શહેરના તમામ દૂધ વિતરકોને સવારે દૂધની ડિલિવરી સાથે અમુલના બેનર્સ અને હોર્ડિંગ્સનું પણ વિતરણ કરાયું હતું.

● ટાઉનહોલ ખાતે સ્કાય ગ્રૂપ દ્વારા યોજાયેલ ટેલેન્ટ શોમાં સરકારી શાળાની શિક્ષિકાઓનું સન્માન કરાયું હતું. આ સન્માનમાં લાંબા વાળ માટે લીમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન પ્રાપ્ત કરનાર જયબાળા બેનને સન્માનવામાં આવ્યા હતા.

● કડી વિશ્વ વિદ્યાલય અંતર્ગત એલડીઆરપી કેમ્પસમાં યોજાયેલ 'ઝેનીસીસ-૨૦૧૬' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ અનેક પ્રકારના રોબોટસ જાતે બનાવી રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ રોબોટસ ફાઈટર, રોબો-હોકી જેવી સ્પર્ધાઓમાં આ રોબોટસ દ્વારા રોમાંચક હરિફાઈઓ કરી હતી.

● પુન્દ્રાસણ ચોકડી નજીક પોતાના જ બાઈકની ટાંકીમાં દિવાસળી ચાંપી આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવાનને સારવાર અર્થે અમદાવાદ લઈ જવાયો હતો જ્યાં આ યુવાનનું કરૂણ મોત નીપજવા પામ્યું છે.

● શહેરમાં પરીક્ષાઓ પૂર્ણ થતા જ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની મૌસમ જામશે. વાવોલની વૈદેહી સોસાયટી સામેના મેદાનમાં નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરાયું છે અને તેમાં એન્ટ્રી માટે ટીમોને આમંત્રિત કરાઈ છે.

● શહેરના માર્ગો પર અનેક ઠેકાણે લીંબુ શિકંજી શરબતના કાઉન્ટર્સ જોવા મળી રહ્યા છે. અગાઉ અમદાવાદમાં જોવા મળતા શિકંજી શરબતનું હવે ગાંધીનગરમાં આગમન થઈ ચુકયું છે.

## જય પ્રકાશ વિદ્યાલયમાં વાલી મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૨

તાજેતરમાં સેકટર-૨૬ સ્થિત જય પ્રકાશ વિદ્યાલય ખાતે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગના પ્રારંભે સ્વ. અરવિંદભાઈ પી. સુથારને મૌન અંજલી આપવામાં આવી હતી. પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓના શૈક્ષણિક તથા વ્યકિતત્વ ઘડતર અંગે શાળાના આચાર્ય રાકેશભાઈ દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું તથા શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાગ લે તે માટે સહિયારા પ્રયાસો કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરેશભાઈ ચૌધરી, ભિખાભાઈ ચૌધરી, દક્ષાબેન, શરદભાઈ પટેલ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા.

## સે-૨૧ જીમખાનામાં આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ માટે સિલેકશન હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા રમાડવામાં આવતી આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ગાંધીનગરના સેકટર-૨૧ સચિવાલય જીમખાના ગ્રાઉન્ડ પર ચાર અલગ અલગ દિવસે વિવિધ વયજૂથની ટીમોનું સિલેકશન કરવામાં આવશે.

ગાંધીનગર સચિવાલય જીમખાના સે-૨૧ ખાતે તા. ૧૦મી એપ્રિલ ૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૭.૩૦ થી સિનિયર ટીમ, તા. ૧૭ એપ્રિલ ૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૭.૩૦ થી અન્ડર ૧૯, તા. ૨૩ એપ્રિલ ૨૦૧૬ શનિવારના રોજ સવારે ૭.૩૦ થી અન્ડર-૧૬ અને તા. ૨૪ એપ્રિલ ૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૭.૩૦ થી અન્ડર-૧૪ વય જૂથના ખેલાડીઓની સિલેકશન ટ્રાયલ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ સિલેકશન પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ જે તે તારીખે સમયસર સ્થળ પર હાજર રહેવું પડશે ઉપરાંત અન્ડર-૧૪, અન્ડર-૧૬ અન્ડર-૧૯ના ખેલાડીઓએ જન્મનું પ્રમાણપત્ર અચૂક સાથે લાવવાનું રહેશે. જેની નોંધ લેવા ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે.

## યોગી સ્પિરિચ્યુઅલ ફાઉન્ડેશન દ્વારા ફ્રી મહા સેમિનારનું આયોજન

યોગી સ્પિરિચ્યુઅલ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૧૭મી એપ્રિલના રોજ લોક જાગૃતિ માટે મિરાકલ ઓફ માઈન્ડ પાવર અંતર્ગત ફ્રી મહા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફાઉન્ડેશન દ્વારા જુદા જુદા આધ્યાત્મિક તાલીમ વર્ગો નિયમિત રીતે યોજાય છે. જેમાં માઈન્ડ પાવર યોગા, મનીમાઈન્ડ યોગા, ટોટલ બોડી માઈન્ડ યોગા સહિતના તાલીમ વર્ગોનું પણ દર રવિવારે આયોજન કરવામાં આવે છે. આ વખતે બોરીજ ગામ ખાતે મહા સેમિનાર નિઃશુલ્કપણે યોજાશે જેનો લાભ લેવા ફાઉન્ડેશન દ્વારા જણાવાયું છે.

## ભાગની જમીન માટે બે સગા ભાઈઓ વચ્ચે મારામારી

### વાસણીયા મહાદેવ પાસેથી જતા ભાઈની ગાડી ઉભી રાખીને ધોકા માર્યા હોવાની પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં રહેતા બે સગા ભાઈઓને વાવોલ ગામમાં ભાગની જમીન આવેલી છે. આ ભાગ પાડવાની બાબતમાં બંને ભાઈઓ વચ્ચે મારામારી થવા પામી છે. પેથાપુર પોલીસ સ્ટેશનમાં બંને ભાઈઓએ એક બીજા સામે આપેલી ફરિયાદ અનુસાર પોલીસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગરના સે-૨સી ખાતે રહેતા રમેશભાઈ પોપટભાઈ ભટ્ટ બે દિવસ અગાઉ ઘરેથી ગાડી લઈને માણસા રહેતી બહેનના ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન વાસણીયા મહાદેવ નજીક ટહુકો હોટલ પાસે ગાડી ઉભી રખાવીને તેમના સગા ભાઈ ભાનુપ્રસાદ પોપટભાઈ ભટ્ટ અને આશીષભાઈ પોપટભાઈ ભટ્ટ બંનેએ રમેશભાઈને ગાડીમાથી ઉતાર્યા હતા. તેટલામાં બોલાચાલી થયા બાદ ધોકા વડે મારઝુડ કરવામાં આવી હતી. વાવોલ ગામમાં સ્થિત તેમની મજીયારી જમીનના ભાગ બાબતે ડખ્ખો ચાલતો હોવાનું જાણવા મળ્યું છે. રમેશભાઈની ફરિયાદને આધારે ભાનુપ્રસાદ અને આશીષભાઈ સામે પેથાપુર પોલીસે ગુનો દાખલ કર્યો છે તો બીજી તરફ ભાનુપ્રસાદની ફરિયાદને આધારે રમેશભાઈ અને રાકેશભાઈ બે સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

## માણસા ખાતે ચામડીના રોગ અંગે નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૩ એપ્રિલને રવિવારના રોજ બપોરના ૨.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન માણસા ગામના આંદી મા ના વડલા ખાતે ચામડીના રોગ અંગે નિદાન કેમ્પ યોજાશે. આ નિદાન કેમ્પમાં અમદાવાદના ચામડી, ગુપ્તરોગો, રકતપિત્ત, કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ બી. પટેલ સેવાઓ આપશે. આ કેમ્પમાં ચામડીના રોગોની સારવાર નિઃશુલ્કપણે કરવામાં આવશે. સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે દર્દીઓને લાભ લેવા જણાવ્યું છે.

## 'સ્માર્ટ સિટી મિશન' અંતર્ગત સંશોધકોનો મેળાવડો

### ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે તા. ૪થી એપ્રિલથી ત્રિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન : સ્માર્ટ સિટીને લગતા વિવિધ સંશોધનો રજૂ કરાશે

ગાંધીનગર, તા.૨

ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે આગામી તા.૪થી એપ્રિલથી છઠ્ઠી એપ્રિલ દરમિયાન સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ત્રિ દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. વીજીઈસી-જીટીયુ ઈનોવેશન કાઉન્સિલ કલબ દ્વારા આયોજિત આ 'એનસીઈઆરટી-૨૦૧૬' પરિસંવાદમાં અંદાજે ૫૦૦થી વધુ સંશોધકો એકત્ર થશે તેમજ આશરે ૧૬૨ સંશોધન પેપર્સ અને ૪૬



પોસ્ટર્સ રજૂ કરાશે.

એનસીઈઆરટી ૨૦૧૬માં રજૂ થનારા સંશોધનોમાં ઊર્જાનું નવીનીકરણ, સ્માર્ટ શહેરો, ગ્રીન ટેકનોલોજી, વીએલએસઆઈ, જડિત સિસ્ટમ્સ, નેનો ટેકનોલોજી, ભૂકંપ વિરોધી સ્ટ્રકચર એન્જિનીયરીંગ, સાયબર સુરક્ષા વગેરે જેવા વિવિધ વિષયો આવરી લેવાશે. આ પરિસવાદમાં આઈઆઈટી ગાંધીનગરના ડિરેકટર ડૉ. એસ.કે. જૈન, ઈન્ડિયન પ્લાઝમા રિસર્ચના ડૉ. અમિતા દાસ, ઈસરોના એન.એમ. દેસાઈ સહિત અનેક નિષ્ણાતો તેમના વિચારો રજૂ કરશે. વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલજના ડૉ. આર. ગજ્જરના જણાવ્યા અનુસાર આ પરિષદ માટે વિવિધ કોન્ફરન્સ થીમ્સની ઈરાદાપૂર્વક પસંદગી કરવામાં આવી છે. જેમાં નવીનીકરણીય ઊર્જા, સ્માર્ટ શહેરો, સાયબર સુરક્ષા, આરોગ્ય અને બાયો મેડિકલ કાર્યક્રમો, સામગ્રી વિજ્ઞાન અને નેનો ટેકનોલોજી વાણી અને છબી તરીકે ઉચ્ચ સામાજિક અનુરૂપ સ્થિરતા આ મુદ્દે જરૂરી છે.

આ સાથે કોન્ફરન્સના સંયોજક ડૉ. આર.એ. ઠક્કરે જણાવ્યું હતું કે કોન્ફરન્સ માટે સમગ્ર કસરત છ માસ પૂર્વે શરૂ કરી દેવામાં આવી હતી. આ કોન્ફરન્સ સંશોધકો, વિદ્વાનો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગ સંચાર અને વિવિધ એન્જિનીયરીંગ ડોમેન્સમાં વિચાર વિનિમય કરવા યોગ્ય મંચ પુરો પાડશે. આ પરિસંવાદ ઈન્ડિયન પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટિટયૂટ તથા ટીઈકયુઆઈપી સંસ્તાઓના સંયુકત ઉપક્રમે વીજીઈસી-જીટીયુ ઈનોવેશન કાઉન્સિલ કલબ દ્વારા આયોજિત કરાઈ છે.



ગાંધીનગરના સામાજીક અગ્રણી અને રકતદાતા સુકેતુ મહેતાનું ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સુકેતુ મહેતાએ ૧૨૭ વાર રકતદાન કરી યુવાનો માટે પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ ધનીબેન લાલાભાઈ, ઉ.વ. ૭૩
- સ્વ. સૂર્યાબેન રમણલાલ પંડયા, ઉ.વ. ૭૬